### વાઘોડિયાના રાજકારણમાં ગરમાવો, બે બળિયા બાથે વળગ્યા

# ધર્મેન્દ્રસિંહ વાઘેલા અને મધુ શ્રીવાસ્તવ વચ્ચે શાબ્દિક યુદ્ધ, રાજકીય માહોલ બન્યો 'હાઈ વોલ્ટેજ'

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

વડોદરા જિલ્લાના વાઘોડિયામાં રાજકારણ ફરી એકવાર ઉકળતા તાવ પર પહોંચ્યું છે. પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ અને વર્તમાન ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા વચ્ચે ચાલી રહેલા શાબ્દિક યુદ્ધે રાજકીય વાતાવરણમાં તીવ્ર ગરમાવો પેદા કર્યો છે. વિકાસની વાતો કરતાં કરતાં મુદ્દો હવે આરોપ-પ્રત્યારોપ સુધી પહોંચી ગયો છે.

થોડા દિવસો પહેલા ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ નામ લીધા વિના કરેલી ટીપ્પણી બાદ હવે પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે ખુલ્લેઆમ વળતો પ્રહાર કર્યો છે. મધુ શ્રીવાસ્તવે પોતાના કાર્યકાળ દરમિયાન કરાયેલા વિકાસકાર્યો ગણાવતા જણાવ્યું હતું કે, નર્મદા વસાહતોમાં ડામરના રસ્તાઓ અને પાણી માટે હેડપંપ બનાવવાના કાર્યો તેમના સમયમાં થયા હતા.




પરંતુ વાત અહીં અટકી નહીં. મધુ શ્રીવાસ્તવે વર્તમાન ધારાસભ્ય પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, ધર્મેન્દ્રસિંહ વાઘેલા પર ઓઈલ અને ડીઝલ ચોરીના આક્ષેપો હતા અને એક સમયે પાસા કેસમાં પકડાયા ત્યારે તેમને છોડાવવામાં પણ પોતે મદદરૂપ બન્યા હતા. આ નિવેદનોએ રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર જગાવી છે.

શાબ્દિક પ્રહારોના અંતે મધુ શ્રીવાસ્તવે વ્યંગાત્મક સલાહ આપતા કહ્યું હતું કે, "લોકોએ તમને બે વખત મત આપીને જીતાડ્યા છે, હવે રાજકીય નિવેદનબાજી કરતાં લોકોના કામ પર ધ્યાન આપો."

# નર્મદાની મુખ્ય કેનાલમાં ડૂબેલા બે શિક્ષકોમાંથી એકનો મૃતદેહ મળ્યો

**રાહુલ** યાદવનો કાલોલ નજીક કેનાલમાંથી મૃતદેહ મળતાં પરિવારજનોમાં શોક, બીજા શિક્ષકની શોધખોળ યથાવત



(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા-હાલોલ રોડ પર આવેલી નર્મદાની મુખ્ય કેનાલમાં બે દિવસ અગાઉ શહેરની એક ખાનગી ઈન્સ્ટિટ્યૂટના બે શિક્ષકો મોડી રાત્રે ડૂબી જવાની ઘટનાએ વિસ્તારમાં ભારે ચકચાર મચાવી હતી. બનાવની જાણ થતાં જ જરોદ પોલીસ અને હાલોલ ફાયરબ્રિગેડની ટીમ દ્વારા સતત શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ શોધખોળ દરમિયાન આજે એક શિક્ષક રાહુલ યાદવનો મૃતદેહ કાલોલ નજીક આવેલી કનેટિયા નર્મદાની મુખ્ય કેનાલમાંથી મળી આવ્યો હતો.

મૃતદેહ બહાર કાઢતા જ ઘટનાસ્થળે હાજર પરિવારજનોના આક્રંદથી સમગ્ર વિસ્તારમાં ગમગીન માહોલ છવાઈ ગયો હતો. મૃતદેહ મળ્યાની જાણ થતાં કાલોલ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારબાદ રાહુલ યાદવના મૃતદેહને કાલોલની રેફરલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

બીજા શિક્ષક શુભમની હજુ સુધી કોઈ ખબર ન મળતાં ફાયરબ્રિગેડ અને પોલીસ દ્વારા કેનાલમાં શોધખોળ ચાલુ રાખવામાં આવી છે. આ ઘટનાથી રાહુલ યાદવના પરિવારજનોમાં ભારે શોકની લાગણી ફેલાઈ છે અને સમગ્ર વિસ્તાર દુઃખની લાગણીમાં ગરકાવ થઈ ગયો છે. આ બનાવે ફરી એકવાર નર્મદાની મુખ્ય કેનાલ પાસે જરૂરી સુરક્ષા વ્યવસ્થા અને સાવચેતી અંગે પ્રશ્નો ઊભા કર્યા છે.

### ગોત્રી વિસ્તારમાં વર્ષો જૂનું વિશાળ વડનું ઝાડ ભાથીજી મંદિર પર પડ્યું



■ વડોદરા શહેર માં આજે પશ્ચિમ વિસ્તારમાં એક મોટી દુર્ઘટના ઘટતા રહી ગઈ હતી. ગોત્રી ગામમાં વુડાના મકાનો પાસે આવેલા પૌરાણિક ક્ષત્રિય ભાથીજી મંદિર પર વર્ષો જૂનું એક ઘટાદાર વડનું ઝાડ એકાએક ધરાશાયી થયું હતું. આ ઘટનાને પગલે મંદિરના ઉપરના ભાગને ભારે નુકસાન પહોંચ્યું છે, જોકે કોઈ જાનહાનિ ન થતા સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# લોકોની સુરક્ષા હેતુ લારી ધારકોએ ડિવાઈડરના થાંભલા ઉપર તાર લગાવ્યા



(પ્રતિનિધિ) વડોદરા,તા.6

ઉતરાયણ પર્વને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ગોરવા આઈ.ટી.આઈ પાસેના લારી ધારકોએ લોકોની સલામતીનું ખાસ ધ્યાન રાખીને ડિવાઈડર અને થાંભલા ઉપર તાર લગાવ્યા હતા.

ઉતરાયણનો પર્વ દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્સવ પ્રિય નગરી વડોદરામાં ધામધૂમ પૂર્વક મનાવાશે. ત્યારે, વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આઈટીઆઈ પાસે લારીધારકોએ એકત્ર થઈ નવો અભિગમ અપનાવ્યો છે. જેમાં ઉતરાયણ પર્વમાં પતંગના દોરાથી ગળું કપાવવા કે અકસ્માત થવાથી લોકોને જીવ ગુમાવવાનો વારો આવતો હોય છે. ત્યારે વાહન ચાલકો અને રાદારીઓની સુરક્ષાને લઈને ગોરવા આઈટીઆઈ પાસેના લારીધારકોએ ગોરવા બાપુની દરગાહથી લઈ પંચવટી સર્કલ સુધી ડિવાઈડર પર લાગેલા વીજ થાંભલા ઉપર તાર લગાવવાની કામગીરી કરી હતી. લારી ધારક મોમીન રાણાએ જણાવ્યું હતું કે, દર વર્ષે જે રીતે જોઈએ છીએ એ મુજબ લોકોના ગળા પર દોરી આવી જતી હોય છે અને ઘણા લોકો ઈજાગ્રસ્ત થતા હોય જ જેથી કરીને અમને વિચાર આવ્યો અને બધા લારી ધારકોએ ભેગા મળીને લોકોને અકસ્માતથી બચાવી શકાય તે માટે આ તાર લગાવ્યા છે.

### વડોદરા મ્યુનિસિપલ કમિશનરની 'સર્જિકલ સ્ટ્રાઈક'

# 4 વર્ષથી પેન્ડિંગ નવાપુરા-મંગળ બજારના દબાણોનો સફાયો, રૂ. 2 લાખનો દંડ વસૂલાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા શહેરના અતિ વ્યસ્ત એવા નવાપુરા અને મંગળ બજાર વિસ્તારમાં છેલ્લા ચાર વર્ષથી ચાલતી દબાણોની સમસ્યા સામે આખરે તંત્રએ કડક કાર્યવાહી કરી છે. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની સીધી સૂચના અને જાત મુલાકાત બાદ કોર્પોરેશનનું તંત્ર હરકતમાં આવ્યું હતું અને મંગળવારે વહેલી સવારથી જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે દબાણ હટાવવાની મોટી ઝુંબેશ હાથ ધરાઈ હતી.

નવાપુરા અને મંગળ બજાર વિસ્તારમાં ઓટલા, પથારા અને દુકાનોની બહારના લટકણિયાં દબાણોને કારણે લાંબા સમયથી ટ્રાફિક અને અવરજવરની ગંભીર સમસ્યા



સર્જાઈ રહી હતી. સ્થાનિક કાઉન્સિલર દ્વારા છેલ્લા ચાર વર્ષથી સતત રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ તંત્ર નિષ્ક્રિય રહેતું હોવાનું ચર્ચાતું હતું. સોમવારે મ્યુનિસિપલ કમિશનરની જાત મુલાકાત બાદ તંત્રે આળસ મરડી અને તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી હતી.

માત્ર દબાણો દૂર કરીને સંતોષ ન માનતા, કોર્પોરેશન દ્વારા નિયમ ભંગ કરનારાઓ સામે કડક વલણ અપનાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યવાહી દરમિયાન અંદાજે રૂ. 2 લાખ જેટલો વહીવટી ચાર્જ સ્થળ પર જ વસૂલવામાં આવ્યો હતો. આ ઝુંબેશના પગલે વર્ષોથી દબાણોથી ઘેરાયેલા રસ્તાઓ ફરીથી મોકળા બન્યા હતા, જેના કારણે ટ્રાફિક વ્યવસ્થામાં રાહત થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સ્થાનિકોમાં ચર્ચા છે કે જો ઉચ્ચ અધિકારીઓ આવી જ રીતે સક્રિય રહી સતત કાર્યવાહી કરે, તો વડોદરા શહેરની ટ્રાફિક સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો શક્ય બની શકે.

# શહેરમાં ઘરફોડ ચોરીને અંજામ આપતી દાહોદની ગેંગના 3 સાગરિત ઝડપાયા

**ક્રાઈમ** બ્રાંચે રૂ.16 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા. 6

શહેરના વિવિધ વિસ્તારોમાં અગાઉ રેકી કર્યા બાદ રાત્રીના સમયે બંધ મકાનોને ટાર્ગેટ કરીને ઘરફોડ ચોરીને અંજામ આપતી દાહોદની ગેંગના 3 સાગરિતને વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે. જેને લઈને વડોદરા શહેરના જુદા-જુદા વિસ્તારોમાં બનેલા 6 ચોરીના ભેદ ઉકેલાયા છે. અને તેમની પાસેથી ચોરીનો રૂપિયા 16 લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ પણ કબ્જે કરવામાં આવ્યો છે.

શહેરમાં રાત્રીના સમયે બનેલી ઘરફોડ ચોરીની ઘટનાઓમાં સીસીટીવી ફૂટેજ, ટેક્નિકલ સર્વેલન્સ તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ હાથ ધરી હતી. જેમાં દાહોદના રીઢા આરોપીઓ તેમજ વડોદરામાં રહેતા કેટલાક સ્થાનિક શખ્સો શંકાના દાયરામાં આવ્યા હતા.

જેથી ક્રાઈમ બ્રાંચે આ શખ્સોની ઉંડાણમાં તપાસ કરી રહી હતી. ત્યારે મળેલી માહિતીના આધારે વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમે હરિનગર બ્રિજ નીચેના વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. ત્યાથી એક ઓટોરિક્ષા અને બાઈક સાથે ઊભેલા 3 શખ્સને ઝડપી પાડવામાં આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછ આરોપીઓ મૂળ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના હોવાનું માલુમ પડયું હતું. ક્રાઈમ બ્રાંચે આરોપીઓ પાસેથી 2 સોનાની તેમજ 2 ચાંદીની વીટી, ઓટોરિક્ષા, એક બાઈક તેમજ 3 મોબાઈલ ફોન સહિત કુલ રૂ.16.01 લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

**પકડાયેલ આરોપીઓ**

**જયંતિભાઈ રમેશભાઈ મંડોર**
(મૂળ રહે. ચીલાકોટા, તા. લીમખેડા, જી. દાહોદ)

**વિશાલભાઈ માધુભાઈ ડામોર**
(મૂળ રહે. દાંતીયા, તા. લીમખેડા, જી. દાહોદ)

**રાજેશભાઈ રમેશભાઈ નીનામા**
(મૂળ રહે. જુના વડીયા, તા. લીમખેડા, જી. દાહોદ)

### માતાની ચઢાણીના પગલે પત્નીની મારઝૂડ કરતો ડોક્ટર પતિ

# છોટાઉદેપુરમાં લગ્ન કરનાર પરીણિતા પર ફેરા ફર્યાના 12 દિવસ બાદ ત્રાસ ગુજારતા સાસરિયા

**મારા** માતા પિતા તેને તેડવાનું ના પાડે છે તેમ કહી પતિ પત્નીને પિયરમાં મુકી આવ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.6

છોટાઉદેપુર લગ્ની કરીને ગયેલી પરીણીતા પર લગ્નના 12 દિવસમાં ડોક્ટર પતિ અને સાસરીયાએ શારીરિક માનસિક ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું હતું. ડોક્ટર પતિએ સસરા પાસમે ફર્નિચરના પદલે રૂપિયાની માગણી કરી હતી. સાસુની ચઢામણી કરતા પતિ પત્નીની મારઝૂડ કરતો હતો. પત્નીને પિયરમાં મુકી આવ્યાં બાદ પતિ સહિતના સાસરીયા તેડતા ન હોય આખરે કંટાળીને પરીણીતાએ પોલીસના દ્વાર ખખડાવ્યાં છે.

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં આવેલી કમલાપાર્ક સોસાયટીમાં રહેતા કાજલબેન પટેલના લગ્ન 9 માર્ચ 2024ના રોજ ડોક્ટર મહક પટેલ નામના યુવક સાથે હિન્દુ રિત રીવાજ મુજબ દ્વારકેશ પાર્ટી પ્લોટ તરસાલી ખાતે લગ્ન થયા હતા. યુવતીને તેમના માતા પિતાએ સોનાના દાગીના તેમજ સગા સંબંધીઓએ આપેલી ભેટ સોગાદો મળી હતી જે લઈને પતિ સાથે સાસુ તથા સસરા સાથે સંયુક્ત પરિવારમાં રહેવા માટે ગયાં હતા. લગ્ન પહેલા પતિએ ફર્નીચરના બદલે પૈસાની માંગણી કરી હતી. જેથી પિતાએ સગાં સબંધીઓ દ્વારા બે લાખ એક વીશ હજાર રૂપીયા તેમના પતિને આપ્યાં હતા. લગ્નના આશરે દસથી બાર દિવસ દરમિયાન તેમના સાસુ નાની નાની બાબતે પતિને તેમના વિરુધ્ધ ચઢામણી કરતા હતા. જેના કારણે પતિ પત્ની સાથે ઝઘડા કરતો હતો અને પરીણિતા તેમના માતા પિતા સાથે ફોનમાં વાત કરે તો પણ સાસુ તેમના પતિને ફોન કરીને જણાવી દેતા હતા. જેથી પતિ ફોન કરીને પુછવા હતો અને કહેતો કે તુ કોને ફોન કરતી હતી અને કોની સાથે વાતો કરે છે.

માતા પિતા સાથે વાત કરતી હોવાનું કહેતી હોવા છતાં પતિ પત્ની પર ખોટો વહેમ રાખીને ઝઘડો કરતા હતા. પરીણીતાને ચા બનાવતા આવડતી નથી તને તારા માતા પિતાએ કંઈ શીખવાડયુ નથી તેમ કહી મ્હેણા ટોણા મારતા હતા. પતિએ પત્નીને કહેતો હતો કે કાજલ તેમને જમવાના પૈસા આપે છે અને આવું અવારનવાર થયા કરે છે હવે આની સાથે તેને ફાવતુ નથી અને રાખવા માંગતો નથી તેમ કહી મારઝુડ પણ કરતો હતો. પતિ તેમને પતિ કહેતો હતો કે કલીનીક પર જઈને આવુ પછી તને તારા પિયરમા મુકી જઈશ. ત્યારબાદ બપોરે પતિ ઘરે આવીને તારી બેગ ભરી દે તને તારા ઘરે મુકવા આવે છે તેમ કહી પિયરમાં તેમને મુકવા માટે જતા હતા ત્યારે પત્નીએ પતિને તમે મમ્મી અને ભાભીની સામે હાથ ઉપાડ્યો હતો અને તમે એમની વાત સાંભળીને ઝઘડો છો ત્યારે પતિએ પત્નીને પિયરમાં મુકી આવ્યો હતો. ત્યારબાદ પરીણિતાન માતા પિતાએ પતિને ફોન કરી તમે કેમ કાજલને લેવા માટે આવતા નથી. ત્યારે પતિએ તેમના માતા પિતા કાજલને તેડવાની ના પાડે છે, તેમની વિરુધ્ધમાં જઈને કાજલને તેડવા માટે આવી શકુ નહિ. ત્યારથી આજદિન સુધી પતિ કે સાસરીવાળા તેમને તેડવા માટે આવ્યા નથી. આખરે કંટાળીને પરીણીતાએ પરીણીતાએ પતિ સહિતના સાસરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# તિલકવાડા સ્ટેશન પર બ્લોકને કારણે કેટલીક ટ્રેનો રદ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.6

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના ડભોઈ-એકતાનગર સેક્શન પર સ્થિત તિલકવાડા સ્ટેશન, નોન-ઈન્ટરલોકિંગ કાર્ય માટે બ્લોક કરવામાં આવશે. આ બ્લોકને કારણે કેટલીક ટ્રેનો રદ કરાશે. રદ કરાયેલી ટ્રેનોમાં ટ્રેન નં. 69203 પ્રતાપનગર - એકતાનગર મેમુ ટ્રેન 7, 8 અને 10 જાન્યુઆરીના રોજ રદ કરાશે. ટ્રેન નં. 69204 એકતાનગર - પ્રતાપનગર મેમુ ટ્રેન 7, 8 અને 1 જાન્યુઆરીના રોજ રદ કરવામાં આવશે. ટ્રેન નં. 69202 એકતાનગર - પ્રતાપનગર મેમુ ટ્રેન 10 જાન્યુઆરીના રોજ રદ કરવામાં આવશે. ટ્રેન નં. 69205 પ્રતાપનગર - એકતાનગર મેમુ ટ્રેન 10 જાન્યુઆરીના રોજ રદ કરવામાં આવશે. રેલવે મુસાફરોને મુસાફરી કરતી વખતે આ ફેરફારો ધ્યાનમાં રાખવા વિનંતી કરવામાં આવી છે. સાથે ટ્રેનના સમય, સ્ટોપેજ અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરોને www.enquiry. indianrail.gov.in ની મુલાકાત લેવા જણાવાયું છે.

# પાલિકાની 'ભ્રષ્ટ' કામગીરીમાં ડમ્પર ગરકાવ

### ગોત્રી-સેવાસી રોડ પર તંત્રની ગંભીર લાપરવાહી ઉઘાડી પડી!



■ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસના દાવાઓ વચ્ચે તંત્રની ગંભીર બેદરકારી વધુ એકવાર સપાટી પર આવી છે. શહેરના પોશ ગણાતા ગોત્રી-સેવાસી રોડ પર ચાલી રહેલી કામગીરી દરમિયાન એક વિશાળ ડમ્પર અચાનક ખાડામાં ખાબકતા અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે આ ઘટનામાં જાનહાનિ ટળી છે, પરંતુ પાલિકાના અધિકારીઓ અને માનીતા કોન્ટ્રાક્ટરોની લાપરવાહી સામે સ્થાનિકોમાં ઉગ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે.

### લોહીલુહાણ ઉત્તરાયણથી બચવા જેતલપુર બ્રિજ પર 'સુરક્ષા કવચ'ની તાતી જરૂર

# જેતલપુર બ્રિજના સ્પીડબ્રેકર પર પટ્ટા અને બ્રિજ ફરતે જાળી લગાવવા લોક માંગ

**ગળા** પર દોરી ફરતા પહેલા જાગશે પાલિકા?

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા ઉતરાયણના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પતંગોત્સવની તૈયારીઓ વચ્ચે વડોદરાના વાહનચાલકોમાં જીવલેણ દોરીને લઈને ચિંતાના વાદળો ઘેરાયા છે. ખાસ કરીને શહેરના સૌથી વ્યસ્ત ગણાતા જેતલપુર બ્રિજ પર પતંગની ઘાતક દોરીથી બચવા માટે મહાનગરપાલિકા અને ટ્રાફિક પોલીસ દ્વારા સેફ્ટી તાર લગાવવામાં આવે તેવી માંગ સ્થાનિક નાગરિકો દ્વારા ઉઠાવવામાં આવી છે.

દર વર્ષે ઉતરાયણ દરમિયાન બ્રિજ પરથી પસાર થતા ટુ-વ્હીલર ચાલકો માટે કપાયેલા પતંગની દોરી ગંભીર અકસ્માતનું કારણ બને છે. બ્રિજ પર વાહનોની ગતિ વધુ હોવાથી કપાયેલી દોરી સીધી ચાલકના ગળા કે ચહેરા પર વાગે છે, જે ઘણીવાર જીવલેણ સાબિત થાય છે. અગાઉના વર્ષોમાં આવી અનેક ઘટનાઓ બની છે જેમાં વાહનચાલકોના ગળા કપાયા હોય અથવા તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોય. સ્થાનિક વાહનચાલકો અને જાગૃત નાગરિકોનું કહેવું છે કે, જેતલપુર બ્રિજ શહેરનો મુખ્ય માર્ગ હોવાથી ત્યાં સતત ટ્રાફિક રહે છે. જેમ શહેરના અન્ય બ્રિજો પર તાર



લગાવવામાં આવ્યા છે એમ જેતલપુર બ્રિજ પર પણ વડોદરા મહાનગરપાલિકા અને ટ્રાફિક પોલીસ સમયસર બ્રિજની બંને બાજુ સેફ્ટી તાર અથવા લોખંડની જાળી તાર લગાવી દે, તો મોટી દુર્ઘટનાઓને ટાળી શકાય તેમ છે.

વધુમાં, નાગરિકોએ પાલિકાની બેદરકારી અંગે પણ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, માત્ર સેફ્ટી તાર જ નહીં પરંતુ નવા બનેલા સ્પીડ બ્રેકરો પર ઝીબ્રા ક્રોસિંગના પટ્ટા મારવામાં પણ તંત્ર આળસ કરી રહ્યું છે, જેના કારણે રાત્રિના સમયે અકસ્માતનો ભય રહે છે.

નાગરિકોને પણ અપીલ કરવામાં આવી છે કે, ઉતરાયણના દિવસોમાં બ્રિજ પરથી પસાર થતી વખતે ગળામાં મફલર બાંધવું અથવા હેલ્મેટનો ઉપયોગ કરવો જેથી અકસ્માતથી બચી શકાય.

# મચ્છીપીઠ પાસેથી ઝડપાયેલા ડ્રગ્સના ગુનામાં વોન્ટેડ આરોપી ઝડપાયો

**ક્રાઈમ** બ્રાન્ચે આરોપીને આગળની કાર્યવાહી માટે એસઓજી પોલીસને સોંપ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરાના મચ્છીપીઠ નાકા ખાતેના મકાનમાં પકડાયેલા એમડી ડ્રગ્સના જથ્થાના ગુનામાં દોઢ માસથી નાસતા ફરતા આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. આરોપીને આગળની કાર્યવાહી માટે એસઓજી પોલીસને સોંપવામાં આવ્યો છે.



વડોદરાશહેરના અલગ અલગ વિસ્તારોમાં એમડી, ગાંજો, અફિણ અને ચરસ સહિતના નશીલા પદાર્થોનું છુપીરીતે વેચાણ કરીને યુવાધનને બરબાદીના રવાડે કેરીયર તથા પેડલરો વિરુદ્ધ એનડીપીએસલ એક્ટ હેઠળના ગુનો દાખલ કરીને તેમને ઝડપી પાડવા માટે પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર તથા અધિક પોલીસ કમિશનર ડૉ.લીના પાટીલ તથા ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી હિમાંશુકુમાર વર્મા દ્વારા સુચના અપાઈ હતી. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમો નશીલા પદાર્થનું વેચાણ અને હેરાફેરી કરનાર પર ટેકનીકલ અને હ્યુમન સોર્સના શોધખોળ કરાઈ રહી હતી. દરમ્યાન કારેલીબાગ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં દોઢ મહીના પહેલા પકડાયેલા એમડી ડ્રગ્સના જથ્થા સાથે ઝડપાયેલા ગુનામાં સંડોવાયેલા આરોપી અબ્દુલરહીમ મુસ્તાકઅલી પઠાણ પોલીસ ધરપકડ ટાળવા નાસતો ફરતો હતો. દરમિયાન આરોપી વાડી શાસ્ત્રીબાગ પાસે હોવાની બાતમી મળતા ટીમે તુર્ત જ સ્થળ પર પહોંચીને જગ્યાએ જઈ આ આરોપીને ઝડપી પાડ્યો છે. આરોપીને આગળની કાર્યવાહી માટે એસઓજી એસઓજીને સોંપવામાં આવ્યો છે.

### ભોગ બનેલા યુવાનો પૈકી એક મકરપુરાની કંપનીમાં નોકરી કરતો હતો

# 4 મિત્રોને લાયસન્સ કઢાવી આપવાનું કહી ઠગે રૂપિયા 28 હજાર ખંખેરી લીધા

(પ્રતિનિધિ) વડોદરા તા.6

મકરપુરા વિસ્તારમાં રહેતા યુવક તથા તેની કંપનીમાં નોકરી કરતા અન્ય 3 સહ કર્મચારીને લાઈસન્સ કઢાવી આપવાનું કહીને ઠગ એજન્ટ રૂપિયા 28 હજાર પડાવી લીધા હતા. પરંતુ કોઈ લાયસન્સ બનાવી આપ્યું ન હતું રૂપિયાની માંગણી કરતા એજન્ટ યુવકોને ધમકી આપતો હતો. જેથી એજન્ટ વિરુદ્ધ છેતરપિંડી ની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મકરપુરા જશોદા કોલોનીમાં રહેતા પરેશભાઈ પુનમભાઈ વસાવા મકરપુરા જીઆઈડીસીમાં આવેલી આલ્મોડા કંપનીમાં છેલ્લા નવ વર્ષથી હેલ્પર તરીકે નોકરી કરે છે. તેની પાસે ટુ વ્હીલરનું લાઈસન્સન ન હોય તેને સાથે ઘણા વર્ષોથી નોકરી કરતા મુકેશભાઈ બારીયાને અગાઉ વાત કરી હતી. ત્યારે મુકેશભાઈ બારીયાએ જો તારે બાઈકનું લાયસન્સ કઢાવવું હોય તો મે જેને મારા લાયસન્સનું કામ આપ્યું છે તે તારા લાયસન્સનું કામ પણ કરી આપ. દરમિયાન વિશાલ પટેલ યુવકની કંપનીની ગેટ બહાર આવ્યો હતો ત્યારે મુકેશ ભાઈએ લાયસન્સ કઢાવવા માટે વિશાલ પટેલ સાથે પ્રથમ વખત મને મુલાકાત કરાવી હતી .

ત્યારથી યુવક આ વિશાલ પટેલને ઓળખે છે, ત્યારે તેણે યુવકને જણાવ્યું હતું કે જો તારે લાયસન્સ કઢાવવું હોય તો તેના રૂપીયા 7 હજાર થશે. જેથી યુવકે વિશાલ પટેલ પર વિશ્વાસ રાખીને તેને લાયસન્સ કઢાવવા માટેના રૂ.7 હજાર વર્ષ 2024માં ઓનલાઈન દ્વારા ગાયત્રી નામના વ્યક્તિના એકાઉન્ટમાં વિશાલ પટેલે ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ ઘણા દિવસ પછી એજન્ટનો સંપર્ક કરી લાયસન્સ બાબતે વાત કરતા તે ફોન ઉપાડતો ન હતો અને ફોન ઉપાડ્યો ત્યારે તેની પાસે લાયસન્સ કાઢી આપ્યું ન હોય રૂપિયાની પરત આપવા માંગણી કરતા ધમકી આપી થોડા દિવસમાં લાયસન્સ આવી જશે તેવી ખોટેખોટા વાયદા કર્યા હતા. જેથી એજન્ટે આજદીન સુધી લાયસન્સ કઢાવી આપ્યુ નથી અને રૂ.7 હજાર પણ પરત નહીં આપી છેતરપીડી કરી છે.

ઉપરાંત યુવકે તપાસ લાયસન્સ કઢાવવા બાબતે યુવક સાથે નોકરી કરતા મુકેશભાઈ બારીયાના રૂ.10 હજાર, કમલેશ કોલીના રૂ.4 હજાર, હસમુખભાઈ પરમાર રૂ.7 હજાર ઠગ એજન્ટ વિશાલ પટેલે લીધા હતા. આમ યુવક સહિત ચાર લોકો પાસેથી રૂપિયા 28 હજાર લાયસન્સ કઢાવવા માટે પડાવી લીધા હતા પરંતુ લાયસન્સ કઢાવી આપ્યું નથી. જેથી તેની રૂપિયા પરત માંગતા એજન્ટે મુકેશભાઈ તથા હસમુખભાઈને વિશાલ પટેલે ગાળો સાથે ધમકી આપી હતી. મકરપુરા પોલીસ સ્ટેશનમાં ઠગ એજન્ટ વિશાલ પટેલ ( રહે. મકરપુરા ગામ વડોદરા) વિરૂદ્ધ યુવકે ફરિયાદ નોંધાવતા પોલીસે ઠગ વિરુદ્ધ ગુનો નોધી કાર્યવાહી હાથધરી છે.